**AAE-001-001627** Seat No. ________

# Third Year B. A. (Sem. VI) (CBCS) Examination

**March / April - 2016**

## Gujarati : Paper - XXII

(અપઠિત) *(Common Old & New Course)*

**Faculty Code : 001**
**Subject Code : 001627**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના** : (1) બધા જ પ્રશ્નોના ઉત્તર ઉતરવહીમાં જ આપવા.

(2) પ્રશ્નોની સામે તેના ગુણ દર્શાવવામાં આવ્યા છે.

૧ નીચે આપેલા પ્રશ્નોના વિકલ્પમાંથી સાચો ઉત્તર આપો : ૨૦

(૧) નિબંધ લેખનનો પ્રારંભ સૌ પ્રથમ ક્યાં થયો હતો ?

(A) પશ્ચિમી સાહિત્ય (B) ગુજરાતી સાહિત્ય

(C) સંસ્કૃત સાહિત્ય (D) હિન્દી સાહિત્ય

(૨) ગુજરાતી નિબંધ સાહિત્યમાં નિબંધના પિતા કોણ છે ?

(A) નવલરામ (B) નર્મદ

(C) બાપુભાઈ ગઢવી (D) કાકાસાહેબ કાલેલકર

(૩) ટેલિવિઝન કયા પ્રકારનું સમૂહ માધ્યમ છે ?

(A) દશ્ય (B) શ્રાવ્ય

(C) દશ્ય-શ્રાવ્ય (D) આમાંથી એક પણ નહિ

(૪) ગુજરાતી ડાયસ્પોરા સાહિત્ય એટલે શું ?

(A) ભારતમાં વસવાટ કરતા ગુજરાતીઓએ સર્જેલ સાહિત્ય.

(B) ગુજરાતમાં વસાવટ કરતા ગુજરાતીઓએ સર્જેલ સાહિત્ય.

(C) ગુજરાતમાં વસવાટ કરતા ગુજરાત બહારના લોકોએ સર્જેલ સાહિત્ય

(D) વિદેશમાં વસવાટ કરતા ગુજરાતીઓએ સર્જેલ સાહિત્ય.

(૫) 'અપઠિત લેખન કૌશલ અને પરિશીલન' નામનું પુસ્તક કોણે લખ્યું છે ?

(A) નીતિન વડગામા (B) નરેશ વૈદ

(C) ભરત મહેતા (D) ચંદ્રકાન્ત ટોપીવાલા

(૬) કાવ્યમાં શેની સુંદરતા હોય છે ?

(A) શબ્દની (B) શબ્દ-અર્થની

(C) પ્રતીકની (D) કલ્પનની

(૭) શબ્દની કઈ શક્તિનો કાવ્યમાં વિશેષ ઉપયોગ થાય છે ?

(A) અભિધા (B) લક્ષણા

(C) વ્યંજના (D) શબ્દ

(૮) ગીત કાવ્યની મુખ્ય કઈ વિશેષતા છે ?

(A) પ્રોઢતા (B) કઠોરતા

(C) ભારેખમતા (D) સરળતા-સ્વાભાવિકતા

(૯) સૉનેટ કાવ્યના કુલ કેટલા પ્રકાર પ્રચલિત છે ?

(A) 3 (B) 1

(C) 5 (D) 7

(૧૦) 'ગઝલ'નો સામાન્ય અર્થ શું થાય છે ?

(A) પ્રકૃતિ (B) પ્રેમ

(C) ભક્તિ (D) શૃંગાર

(૧૧) ગદ્યખંડ શું છે ?

(A) તે ગદ્યમાં લિખિત સળંગ લેખ છે.

(B) તે પદ્યમાં લિખિત ટુકડો છે.

(C) તે ગદ્યમાં લિખિત વ્યવસ્થિત લેખનો એક ભાગ છે.

(D) (A), (B), (C) ત્રણેય

(૧૨) ગદ્યખંડ લખનારને કયાં નામથી ઓળખવામાં આવે છે ?

(A) નિબંધકાર (B) વાર્તાકાર

(C) પદ્યકાર (D) ગદ્યકાર

(૧૩) 'સુંદરમ્' તખલ્લુસ કોનું છે ?

(A) ત્રિભુવનદાસ પુરૂષોત્તમદાસ લુહાર

(B) ભગુભાઈ રોહડિયા

(C) નરસિંહ મહેતા

(D) રમેશ પારેખ

(૧૪) ગદ્યખંડનું વિવરણ કેવું હોવું જોઈએ ?

(A) ભારેખમ (B) મૌલિક

(C) દુર્બોધ (D) અસંગત

(૧૫) બરકતઅલી ગુલામઅલી વીરાણીનું તખલ્લુસ શું છે ?

(A) દેવહંસ (B) કવિ

(C) બેફામ (D) ગની દહીંવાલા

(૧૬) ગઝલ કવિ 'શયદા'નું નામ જણાવો.

(A) રાજેન્દ્ર શુક્લ (B) હરીશ મીનાશ્રુ

(C) રાજેશ વ્યાસ (D) હરજી લવજી દામાણી

(૧૭) ભાવ, શબ્દ, લય, ઢાળ આદિની મધુરતા કયા કાવ્ય સ્વરૂપમાં હોય છે ?

(A) ગીત (B) સૉનેટ

(C) ગઝલ (D) ખંડકાવ્ય

(૧૮) કરુણ પ્રશસ્તિ કાવ્યમાં મુખ્ય કયો ભાવ નિરૂપાયો હોય છે ?

(A) હાસ્ય (B) કરુણ

(C) શૃંગાર (D) પ્રેમ

(૧૯) રદીફ, કાફિયા, મક્તા, મત્લા વગેરે નીચેનામાંથી કોને બંધ બેસે છે ?

(A) ગીત (B) સૉનેટ

(C) ગઝલ (D) હાઈકુ

(૨૦) સૉનેટ કાવ્યમાં ભાવની પરાકાષ્ઠા ક્યારે સધાય છે ?

(A) આરંભમાં (B) મધ્યમાં

(C) સાદ્યંત (D) અંતમાં

૨ નીચે આપેલા વિષયમાંથી કોઈ પણ **એક** પર નિબંધ લખો : **૧૫**

(૧) નવી પેઢી નવા પ્રશ્નો

(૨) સાંપ્રત શિક્ષણની સમસ્યાઓ

(૩) દૃશ્ય શ્રાવ્ય માધ્યમો અને એના પ્રશ્નો.

૩ નીચેનામાંથી કોઈ પણ **એક** વિષય પર નિબંધ લખો : ૧૫

(૧) સાહિત્ય અને સમાજ.

(૨) જીવન મૂલ્યોનું સાહિત્યમાં સ્થાન.

(૩) ગુજરાતી ડાયસ્પોરા સાહિત્ય.

૪ નીચે આપેલાં કાવ્યોમાંથી કોઈ પણ **એક**નો રસાસ્વાદ કરો : ૧૦

મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...
મારી વેલ શણગારો ! વીરા, શગને સંકોરો
રે અજવાળાં પહેરીને ઊભા શ્વાસ !

મારી આંખે કંકુના સૂરજ આથમ્યા....
પાંદ રે પાંદે લીલા ઘોડા ડૂબ્યા,
ડૂબ્યા અલકાતાં રાજ, ડૂબ્યાં મલકાતાં રાજ
રે હણહણતી મેં સાંભળી સુવાસ !

મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...
મને રોકો પંછાયો એક ચોકમાં,
અડધા બોલે ઝાલ્યો, અડધો ઝાંઝરેથી ઝાલ્યો.
મને વાગે સજીવી હળવાશ !
મારી આંખે કંકુનાં સૂરજ આથમ્યા...

- રાવજી પટેલ

**અથવા**

અરમાન જિંદગીનાં પૂરાં થાય તો ઘણું છે,
બે-ચાર પણ જો કામ સારાં થાય તો ઘણું છે.

ખુલ્લા બે હાથ જગમાં લાવ્યા હતા ને જાશું,
એ વાત બસ જો યારો, સમજાય તો ઘણું છે.

મુશ્કેલ છે જિંદગાની એની જ તો મજા છે,
જિગરથી જામ એનો જીરવાય તો ઘણું છે.

દુનિયામાં આવી અંતે કંઈ પાપ થઈ ગયા હો,
લગરીક પણ જો આંખો ભીંજાય તો ઘણું છે.

અસત્ય ને અનીતિની જ્યાં બૂ છે ચોતરફ,
થોડીક સત્ય-સૌરભ પ્રસરાય તો ઘણું છે.

પૂતળા ભલે ન સર્જો ગાંધીનાં ગામે ગામે,
બસ કામ યાદ એનું રખાય તો ઘણું છે.

નવા હવે ન જન્મે પ્રેમી ભલે જગત પર,
થયા છે એનું ગૌરવ સચવાય તો ઘણું છે.

લવલેશ મોતનો ડર મુજને નહિ સતાવે,
મહેફિલમાં ખોટ મારી વરતાય તો ઘણું છે.

વધુ નથી અભરખો બાકી હવે જીવનમાં,
ઈજ્જતનું કફન ઓઢી મરાય તો ઘણું છે.

- ભરત કવિ 'ઊર્મિલ'

૫ નીચેના આપેલા ગદ્યખંડોમાંથી કોઈ પણ **એક** ગદ્યખંડનું વિવરણ કરો : ૧૦

કવિનું કાર્ય રસિક કૃતિઓ ઉત્પન્ન કરવાનું છે. અમૂર્ત વિચારો અને અનુમાનોના સિદ્ધાંતો કહેવાનું નથી. કવિ જે વિચારો અને અનુમાનો ઈષ્ટ હોય તે તે અમૂર્ત સૂત્રરૂપમાં ગોઠવવાને બદલે મૂર્તિઓ અને કૃતિઓનો અંગ અને ગુણ રૂપે તે પોતાની રચનામાં દાખલ કરે છે. કવિ સિદ્ધાંતો કહી બતાવતો નથી પણ પાત્રો અને વૃતાન્તોનાં એવાં આનંદમય ચિત્રો આપે છે કે ચિત્રો ગ્રહણ કરનાર તે ચિત્રોમાં રહેલા સિદ્ધાંતો અનાયાસે અને વગર જાણ્યે ગ્રહણ કરી લે છે. કવિ જો સિદ્ધાંતનું કથન કરવા બેસે તો આનંદમય રચનાનો ત્યાગ કરી તેને બીજા પ્રદેશમાં જવું પડે.

- રમણભાઈ નીલકંઠ

**અથવા**

'સાહિત્ય' શબ્દની ઉત્પત્તિ 'સહિત' શબ્દમાંથી થઈ છે. એથી ધાતુગત અર્થ પ્રમાણે 'સાહિત્ય' શબ્દ દ્વારા એક પ્રકારનો મિલનનો ભાવ જણાય છે. તે મિલન માત્ર ભાવમાં, ભાષામાં કે ગ્રંથમાં નહિ, પરન્તુ મનુષ્યની સાથે મનુષ્યનું અતીત કાળની સાથે વર્તમાનકાળનું, દૂરની સાથે નિકટનું મિલન છે. આ જાતનું મિલન 'સાહિત્ય' સિવાય બીજે ક્યાંય સંભવી શકે નહીં. આ ઉપરથી સમજી શકાય છે કે ભાષાના ક્ષેત્રમાં સાહિત્ય શબ્દનું તાત્પર્ય  શું છે. તેનું કાર્ય હૃદયનો યોગ સાધવાનું છે. એ યોગ જ સાહિત્યની અંતિમ પ્રાપ્તિ છે. આ પ્રમાણે મનની સાથે મન યથાર્થ ભાવે મળવાથી આપમેળે જ ખુશી જન્મે છે. આ પ્રકારની ખુશી એ સર્જન શક્તિશીલ ખુશી છે.

- રવીન્દ્રનાથ ટાગોર

---